# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૨૩૨ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૬/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી લીલાભાઈ લખમણભાઈ ગામ – ઓડદર

સબડીવીઝન: કોસ્ટલ -પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે પ્રોજેક્ટ એન્જીનીયર શ્રી જસુભાઈ રાવલિયા હાજર રહેલ છે.

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૩.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩.૦૯.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા પણ અરજદાર શ્રી હાજર રહેલ નથી.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ઓડદર ગામે રામખડું વાડી વિસ્તારમાં ગ્રા.નં.૩૫૩૧૮/૦૦૮૩૪/૮ થી લીલા લખમણ નામે લાઇટ કનેક્શન ધરાવીએ છીએ અમારા આ બિલમાં દરેક વખતે વધારાની રકમ ચડીને આવે છે તેથી ઓફિસે તપાસ કરતા એવું જાણવા મળેલ છે કે તમે ઉધારીમાં લેમ્પટ્યુબલાઇટ અને પંખા લીધેલા છે તેના ચડીને આવે છે મે પોરબંદર ઓફિસે ઘણી વખત રજુઆત કરેલી પણ હજી બિલમાં રકમ ચડીને આવે છે અને ઉપર રજુઆત

કરવાનું જણાવેલ છે.વધારામાં જણાવવાનું કે અમે લેમ્પ રોકડેથી લીધેલ હતા જેની નકલ આ સાથે સામેલ છે તેમજ ટ્યુબલાઇટ કે પંખો લીધેલ જ નથી. આથી અમારી આ ફરિયાદને ધ્યાને લઈને અમારા બિલમાં ચડીને આવેલી તમામ રકમ અમને જમા આપવામાં આવે અને હવેના બિલમાં પાછા ઉજાલાના હપ્તા બંધ થઈ જાય તે રીતે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કોસ્ટલ પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહકશ્રી લીલા લખમણ ઓડેદરા, ગામ ઓડદર, ગ્રા.નં.૩૫૩૧૮/૦૦૮૩૪/૮ થી ઘર વપરાશ હેતુનું વિજ જોડાણ ધરાવે છે તેમના દ્વારા ઉજાલા ના ઉપકરણો રોકડેથી ખરીદેલ હોવા છતાં તેમના વિજ બીલ માં આ ઉજાલા ના ઉપકરણો ના હપ્તાની રકમ ચડત આવે છે. વધુમાં તેમના દ્વારા ટ્યુબલાઈટ કે પંખા લીધેલ જ નથી અને હપ્તાની જે રકમ ચડીને આવે છે તે જમા આપવા અને ત્યાર બાદના બીલમાં ઉજાલાના ઉપકરણોના હપ્તાની રકમ બંધ કરવા અંગે ગ્રાહકશ્રી દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર જુનાગઢ ખાતે સંદર્ભ નં૨ મુજબ ફરીયાદ કરેલ છે.

3.૧ વધુમાં તેમના વીજ બીલમાં ઉજાલા ના ઉપકરણો ના હપ્તાની રકમ ચડીને આવે છે. તે ચડત રકમ સામે ગ્રાહકને વાંધો હોય પરંતુ હાલમાં આપણી કંપની દ્વારા આ અંગેની કોઈ જ નીતિ અમલમાં નથી. જે પોલીસી લેવલનો પ્રશ્ન હોય એટલે અત્રેથી આ પ્રશ્નનું નિરાકરણ થઈ શકેલ નથી. ગ્રાહકની માંગણી મુજબ જયારે ગ્રાહક તેમનું વીજબીલ ભરવા પેટા વિભાગીય કચેરી ખાતે આવે છે ત્યારે ઉજાલા ના ઉપકરણો ની હપ્તાની રકમ બાકી રાખીને તેમનું બાકીની રકમનું વીજબીલ ભરપાઈ કરાવવામાં આવે છે અને ગ્રાહકને અન્ય કોઈ ફરિયાદ હોય તો તેનું નિરાકરણ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની રજુઆત મુજબ- તેઓના વીજ બિલ ગ્રાહક નંબર ૩૫૩૧૮/૦૦૮૩૪/૮ માં ઉજાલા ઉપકરણો હપતે થી ખરીદી કરેલ ન હોય છતાં રકમ વસૂલ કરેલ હોય જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં-અરજદાર શ્રી એ અત્રે ના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં.૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પીઆરટી ૧૪૫ મુજબ સદર ગ્રાહક નં.૩૫૩૧૮/૦૦૮૩૪/૮ ના વીજ બિલમાં રકમ ઉજાલા ચાર્જિસ વસુલાયેલ છે.

૪.3 એનર્જી એફીસિઅન્સી સર્વિસીસ લીમીટેડ વતી શ્રી જસુભાઈ રાવલિયા હાજર રહેલ હતાં અને તેમના દ્વારા અરજદાર શ્રી દ્વારા કોઈ ઉજાલા ઉપકરણો ખરીદ કરેલ છે તે અંગે ના કોઈ પુરાવા રજુ કરી શકેલ નથી.

૪.૪ સદર કેઈસ માં ઉપરોક્ત મુદ્દા નં.૨.૦ મુજબ ની વિગતે- અરજદાર શ્રી દ્વારા ઉજાલા ઉપકરણો ની ખરીદી ઈએમઆઈ પદ્ધતિ દ્વારા કરાયેલ હોય- તે બાબત ના આધાર- પુરાવા પીજીવીસીએલ પક્ષકાર તેમજ એનર્જી એફીસિઅન્સી સર્વિસીસ લીમીટેડ વતી શ્રી જસુભાઈ રાવલિયા દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર ના વીજ બિલમાં ઉજાલા ચાર્જિસ પેટે રકમ વસુલેલ છે તે તેઓના બિલિંગ ખાતામાં અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ રકમ જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામાં આવે છે.

૪.૫ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ)વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯